## Daily Current affairs

- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ તેમજ શિક્ષણ વિભાગ હસ્તકના વિદ્યા સમીક્ષા કેન્દ્ર સાથે નયારા એનર્જીએ ગાંધીનગરમાં બે MOU સાઇન કર્યા... જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યના સંરક્ષણ અને પુનઃસ્થાપન પ્રોજેક્ટ માટે નયારા એનર્જી નાણાકીય સહયોગ આપશે... જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી શાળાઓ–આંગણવાડીઓમાં જોય ફૂલ લર્નિંગ સહિત વાંચન સંસ્કૃતિના વિકાસમાં નયારા એનર્જીનો સહયોગ મળશે.
- આધાર કાર્ડ ની સેવાઓને વધુ ટેકનોલોજી યુક્ત બનવવાના હેતુથી તાજેતરમાં UIDAI દ્વારા બેંગલુરુ સ્થિત જનરેટિવ AI(GenAI) કંપની Sarvam AI સાથે ભાગીદારી કરી છે.જેનું સયુક્ત સાહસ 18 માર્ચ, 2025 થી શરૂ થશે જેનો મુખ્ય ઉદ્દેશ્ય આધાર સેવાઓની સુરક્ષા, કાર્યક્ષમતા અને સુલભતા સુધારવા માટે AI-સંચાલિત વૉઈસ ઇન્ટરેક્શન, રીઅલ–ટાઇમ છેતરપિંડી શોધ સંદર્ભે ટેક્નોલોજિકલ સુવિધામાં વધારો કરવાનો છે.
- દિલ્હી ખાતે આયોજિત 26 જાન્યુઆરીની પરેડમાં ગુજરાત સરકારના ટેબ્લોને સતત ત્રણ વર્ષથી ‘પીપલ્સ ચોઈસ’ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેડવ્યું.
- ગુજરાત રાજ્યની તમામ યોજનાઓની માહિતી એક જ પોર્ટલ પરથી મેળવી શકાય તે માટે ‘મારી યોજના પોર્ટલ’ લોન્ચ કરવામાં આવ્યું.
- 16 માર્ચ 'રાષ્ટ્રીય રસીકરણ દિવસ'ના અવસરે સ્વસ્થ જીવન માટે રસીકરણના મહત્ત્વ અને જરૂરિયાત બાબતે જાગૃત બનીએ તથા જીવનરક્ષક રસીઓની શોધ કરનાર વૈજ્ઞાનિકો પ્રત્યે કૃતજ્ઞતા કરવામાં આવી.
- તાજેતરમાં દિલ્હી પોલીસ દ્વારા જાહેર સ્થળો પર મહિલાઓની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં 'શિષ્ટાચાર' સ્ક્વોડ શરૂ કરવામાં આવી.
- હાલમાં ISRO (ભારતીય અવકાશ સંશોધન સંગઠન) દ્વારા અવકાશ એપ્લિકેશનો(સુવિધામાં વધારો કરવા માટે બે 32-બીટ માઇક્રોપ્રોસેસર વિકસાવ્યામાં આવ્યા જે અનુક્રમે , વિક્રમ–3201 અને કલ્પના 3201 ,યાદ રાખો વિક્રમ 3201 ભારતનું પ્રથમ સંપૂર્ણપણે સ્વદેશી 32-બીટ માઇક્રોપ્રોસેસર છે જેનો ઉપયોગ સામાન્ય રીતે લોન્ચિંગ વ્હીકલ્સમાં થાય છે.
- તાજેતરમાં CISFના 56મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત “ગ્રેટ ઈન્ડિયન કોસ્ટલ સાયક્લોથોન”ને સુરતથી ફ્લેગ ઓફ કરાવતા પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત સુરત ડાયમંડ બુર્સ ખાતે વહેલી સવારે 14 મહિલાઓ સહિત 125 સમર્પિત CISF જવાનોએ સફર શરૂ કરી... કચ્છના લખપતથી શરૂ થયેલી યાત્રા કુલ 3552 કિ.મી.નું અંતર કાપીને કન્યાકુમારી પહોંચશે.
- વરુણા ૨૦૨૫ દ્વિપક્ષીય નૌકાદળ અભ્યાસ ભારત અને ફ્રાન્સ વચ્ચે યોજાય છે, જેનો ઉદ્દેશ્ય દરિયાઈ સહયોગને મજબૂત બનાવવાનો છે. ૨૦૦૧ થી યોજાઈ રહેલ આ દ્વિપક્ષીય નૌકાદળ વાર્ષિક કવાયતની આ વર્ષે ૨૩મી આવૃત્તિ છે.

- રોકાણકારો તેમના ડીમેટ અને મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડિંગ્સને ડિજિટલી સ્ટોર કરી શકે જેનાથી ભારતીય સિક્યોરિટીઝ માર્કેટમાં દાવા વગરની સંપત્તિ(reduce unclaimed assets )ઓની ઘટનામાં ઘટાડો થાય તે હેતુથી તાજેતરમાં SEBI (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) એ ડિજીલોકર /DigiLocker સાથે ભાગીદારી કરવામાં આવી છે. આ પહેલથી નોમિનેશન સુવિધાનો સમાવેશ થાય છે જેનાથી કાનૂની વારસદારોને રોકાણકારના મૃત્યુ પર સંપત્તિને સરળતાથી ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે.
- હાલમાં બિસ્લેરી ઇન્ટરનેશનલે ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરીને "ટ્રેડિંગ બ્લુ ગોલ્ડ: અ બ્લુપ્રિન્ટ ફોર વોટર ક્રેડિટ વેલ્યુએશન ઇન ઇન્ડિયા" પુસ્તક લોન્ચ કર્યું છે જે વોટર ક્રેડિટ પર આધારિત છે, જે એક બજાર–આધારિત પદ્ધતિ છે જેમાં ટકાઉ પાણી વ્યવસ્થાપન પ્રથાઓને પ્રોત્સાહન આપે છે.
- વર્ષ 2025 માં પ્રથમવાર એશિયાની બહાર કબડ્ડી વર્લ્ડ કપ 2025 નું ઇંગ્લેન્ડ ખાતે આયોજન થઈ રહ્યું છે. સામાન્ય રીતે ભારત,પાકિસ્તાન અને ઈરાન જેવા દેશો બાદ હવે અન્ય દેશોમાં પણ તેની લોકપ્રિયતા વધે તે હેતુથી પ્રથમ વાર એશિયાની બહાર આયોજન કરવાં આવ્યું છે. આ ઈવેન્ટ બર્મિંગહામ, કોવેન્ટ્રી, વોલ્સલ અને વોલ્વરહેમ્પ્ટન સહિત અનેક સ્થળોએ યોજાશે.
- તાજેતરમાં પ્રધાનમંત્રીની મોરેશિયસ મુલાકાત બાદ બંને દેશો સાથે વિવિધ સહમતીઓ થઈ જે પૈકી બેંક ઓફ મોરેશિયસ (BOM) દ્વારા ભારતીય રૂપિયા (INR) અને મોરેશિયસ રૂપિયા (MUR) ને બંને દેશોના વ્યાપાર વ્યવહારોને સરળ બનાવવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- હાલમાં આંધ્રપ્રદેશ સરકારે નવી દિલ્હીમાં બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા. જેનો મુખ્ય ઉદ્દેશ્ય આરોગ્યસંભાળ, શિક્ષણ, કૃષિ અને રોજગાર જેવા વિવિધ ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), ડિજિટલ ટેકનોલોજી અને ડેટા–આધારિત શાસનને એકીકૃત કરવાનો છે.
- દર વર્ષે 20 માર્ચે વિશ્વ ચકલી દિવસ ઉજવવામાં આવે છે જેની શરૂઆત વર્ષ 2010 માં નેચર ફોરેવર સોસાયટી દ્વારા કરવામાં આવેલ જેનો મુખ્ય ઉદ્દેશ ઘરગથ્થુ ચકલીઓની ઘટતી વસ્તી અંગે જાગૃતિ લાવવા અને સંરક્ષણ પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટેનો છે.

***************************

…………………………………………